શહેરમાં રોજ ૧૦ હજાર કિલો બરફનો વપરાશ

કડી કેમ્પસ પાસે અચાનક જ કાર ભડભડ સળગી

આગને લીધે માર્ગ પર અફડાતફડીનો માહોલ : મીનીટોમાં કાર સંપૂર્ણ બળીને ખાખ

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨૩ કડી કેમ્પસ પાસે આજે બપોરના સુમારે અચાનક કાર ભડભડ સળગી ઉઠતા માર્ગ પર અફડાતફડી મચી જવા પામી હતી. આ બર્નીંગ કાર વિશે ફાયર બ્રિગેડને જાણ કરાતા તાબડતોબ ફાયર બ્રિગેડની ટીમે બનાવ સ્થળે આવી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે સમય સૂચકતાને પગલે કોઈ જાનહાની થવા પામી નથી.

પ્રાપ્ત મહિતી અનુસાર શહેરના સે-૨૧ પ્લોટ નં. ૨૧૮ ખાતે રહેતા તુષાર એમ. પટેલ પોતાની એસ્ટીમ કાર નંજીજે ૧૮-એબી ૯૨૯૫ લઈ કડી કેમ્પસ થઈ અમદાવાદ જવા નીકળ્યા હતા આ દરમિયાન બપોરના સુમારે કડી કેમ્પસની સામેના માર્ગ પર ચાલુ કારમાંથી અચાનક જ ધુમાડો નીકળતા કાર માલિક કારને રોકી તુરંત જ નીચે ઉતરી ગયા હતા જોત જોતામાં કારે આગ પકડી લેતા મીનીટોમાં કારમાંથી ભયંકર આગની જવાળાઓ જોવા મળી હતી અને થોડી જ વારમાં સંપૂર્ણ કાર ભડભડ બળીને ખાખ થઈ ગઈ હતી. માર્ગ પર અચાનક લાગેલી આગને લીધે આસપાસના રાહદારીઓ અને અન્ય વાહન ચાલકોમાં અફડાતફડી મચી જવા પામી હતી. આ બર્નીંગ કારની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડના અધિકારી મહેશ મોડને થતા તુરંત જ બનાવ સ્થળે દોડી આવી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. જો કે આ આગની ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

શહેરના સ-૩૦માં આવેલા એક ગોડાઉનમાં પણ અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી ત્યારે ફાયર બ્રિગેડે બનાવ સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

@ગાંધીનગર

● મા મેલડી આનંદ ગરબા મંડળના શ્રીમતી મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો શ્રીમતી મીનાબેન વસંતભાઈ સુતરીયા, સે-૩-સી પ્લોટ નં. ૫૭૨/૧ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

ચોર સમજીને મારી નાંખવાની કોશીષ કરનાર વધુ ચાર પકડાયા : દહેગામના હરસોલી વિસ્તારમાં વર્ષ ૨૦૧૫માં ઘટના બની હતી

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની એક ટીમ નાસતા ફરાત આરોપીઓને પકડવા ગતિશીલ બની છે ત્યારે વર્ષ ૨૦૧૫માં દહેગામનાં હરસોલી ગામે ૧૨૦૦ના ટોળાએ એક યુવાનને ચોર સમજીને અધમુવો કરી મારી નાંખવાની કોશીષ કરી હતી. આ સંદર્ભે દહેગામ પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં નાસતા ફરતા આરોપીઓ પૈકી છ ને અઠવાડીયા પહેલા પકડયા હતા. દરમિયાન ગઈ કાલે વધુ ચાર વોન્ટેડ આરોપીને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડયા છે. હરસોલીના લક્ષ્ણ માધુસિંહ ચૌહાણ, રંગત ગુલાબસિંહ ચૌહાણ, દહેગામના વટવાનો શના હોથા ઠાકોર અને કાંતી ઉદા ઠાકોર ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શનિવારે ગુરૂ ભોજલરામની ભવ્ય શોભાયાત્રા નીકળશે

ગુરૂ ભોજલરામની ૨૩૧મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરાશે : રકતદાન તથા ડેન્ટલ ચેક અપ કેમ્પ પણ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સૌરાષ્ટ્ર કચ્છ લેઉઆ પટેલ સેવા સમાજ દ્વારા આગામી તા. ૨૧મી મે શનિવારે સેકટર-૭સી ખાતે પટેલ સમાજવાડી ખાતે ગુરૂ ભોજલરામ બાપાની ૨૩૧મી જન્મજયંતિને ધામધૂમથી ઉજવવા આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં ભવ્ય શોભાયાત્રા તથા રકતદાન કેમ્પ અને ડેન્ટલ ચેકઅપ કેમ્પ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ પણ યોજાશે. આ પ્રસંગે ભાજપના સાંસદ તથા પ્રદેશ મહામંત્રી મનસુખભાઈ માંડવીયા ઉપસ્થિત રહી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવશે.

સૌરાષ્ટ્રના દેવકી ગાલોલ ગામમાં ઈ.સ. ૧૭૮૫માં વૈશાખ વદ પૂનમના દિવસે જન્મેલ ગુરૂ ભોજલરામ બાપાએ અશિક્ષિત હોવા છતાં સ્વયં સ્ફૂરણાથી દોઢસો જેટલા પદો રચ્યા હતા જે 'ભોજા ભગતના ચાબખાંથી' ખ્યાતિ પામ્યા છે. વેધક માર્મિક કટાક્ષો દ્વારા નાગરિકોને સદાચારનો રસ્તો દેખાડનાર ભોજલરામ ભગતની ૨૩૧મી જન્મજયંતિને સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ દ્વારા ભારે હર્ષોલ્લાસથી ઉજવવાનું આયોજન કરાયું છે. સે-૭-સીમાં સૌરાષ્ટ્ર પટેલ વાડી સંકુલમાં આવેલ ભોજલરામ મંદિર ખાતેથી સવારે ૮ કલાકે શોભાયાત્રા પ્રસ્થાન કરશે. આ શોભાયાત્રાને ભાજપના પ્રદેશ મહામંત્રી તથા સાંસદ મનસુખભાઈ માંડવિયા પ્રસ્થાન કરાવશે. શોભાયાત્રા સે-૨ સ્વામિનારાયણ મંદિર, સે-૧ ગાયત્રી મંદિર, ચ રોડ-પંચદેવ મંદિર, સે-૨૯ જલારામ મંદિર, સે-૨૮ બ્રહ્માકુમારી કેન્દ્ર તથા દત્ત મંદિર, સે-૨૩ સ્વામીનારાયણ મંદિર, સે-૧૬ સોમનાથ મહાદેવ, સે-૧૨ સૌરાષ્ટ્ર કડવા પટેલ વાડી તથા ઉમિયા સંસ્થાન, સે-૬ ભુવનેશ્વર મહાદેવથી નીજ મંદિરે પરત ફરશે.

આ પ્રસંગે શોભાયાત્રાનું અમદાવાદના સમાજ અગ્રણી ધીરુભાઈ દૂધવાળા સ્વાગત કરશે અને ત્યારબાદ પૂજન આરતી અને મહાપ્રસાદ યોજાશે. ગુરૂ ભોજલરામ જયંતિએ જુનિયર સિટીઝન કાઉન્સિલ તથા રેડક્રોસ સોસાયટી દ્વારા પટેલ સમાજવાડી ખાતે સવારે ૧૦ કલાકે રકતદાન કેમ્પ યોજાશે. તેમજ ગાંધીનગર સ્થિત લેઉઆ પટેલ સમાજના દાંતના ડોકટર્સ દ્વારા ડેન્ટલ ચેક અપ કેમ્પ પણ યોજાશે. આ કેમ્પનો લાભ લેવા નગરજનોને સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સિવિલ હોસ્પિટલના વ્યસની દર્દીઓ વોર્ડમાંથી નીચે જતા રહે છે..!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઈન્ડોર દર્દીઓ રામ ભરોસે છે. હોસ્પિટલમાં વિવિધ રોગથી પિડાતા અને સારવાર માટે દાખલ દર્દીઓ કયારે લટાર મારી આવે છે તે પણ સ્ટાફના માણસોને ખબર રહેતી નથી. ત્યારે સિવિલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સલામતી સામે પણ પ્રશ્નાર્થ ઉઠવા પામ્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને કોર્પોરેટલ લુક આપવા પાછળ કરોડો રૂપીયા નો ખર્ચ કરવામાં આવ્યો છે. આધુનિક હોસ્પિટલ જોઈને દર્દીઓની લાંબી કતારો લાગે છે. પરંતુ દર્દીઓને મળતી પ્રાથમિક સુવિધાનો પણ અભાવ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલમાં ગાંધીનગર જિલ્લા સહિત અન્ય જિલ્લાના દર્દીઓ પણ મોટી સંખ્યામાં વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે સારવાર માટે આઠ માળની ઈમારતમાં દાખલ દર્દીઓ જાણે રામ ભરોસે હોય તેવો ઘાટ ઘડાયો છે. વોર્ડમાં ફરજ બજાવતા કર્મીઓની બેદરકારીનો ઉત્તમ નમુનો સામે આવ્યો છે. દર્દીઓની દેખભાળ માટે રાખવામાં આવેલ સ્ટાફ ગપ્પા મારતા હોય છે અને દર્દી કયા છે તેની પણ તકેદારી રાખતા નથી. વોર્ડમાંથી ગુમ થઈ જવાને કારણે અનેકવાર દર્દીના સગાઓ અને સ્ટાફના માણસો વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ જોવા મળી છે. ત્યારે તાજેતરમાં સિવિલ સંકુલમાં અંદર આવેલ શોંપિગ સેન્ટરમાં સીગારેટના કસ મારતા દર્દીઓ નજરે પડ્યા હતા. દર્દીઓ સીગારેટનો કસ મારીને પોતાના વોર્ડમાં પરત ફરે છે ત્યાં સુધી સ્ટાફને ખબર સુધ્ધા હોતી નથી. વોર્ડમાં એડમીટ દર્દીઓની સલામતી સામે ફરીવાર પ્રશ્ન ઉભો થવા પામ્યો છે ત્યારે જોવું રહ્યું કે સિવિલ સત્તાધીશો વોર્ડની સલામતી માટે શું એકશન પ્લાન ઘડે છે કે પછી સરકારી સિવિલ છે હોતી હે ચલતી હે ની નિતી અપનાવશે...

વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં હડતાલનો સિલસિલો યથાવત, પહેલા નર્સિંગ સ્ટાફે અને હવે લેબોરેટરી સ્ટાફે હડતાલ પાડી હતી. જો કે ઉપરી અધિકારીઓએ હડતાલીયા કર્મચારીઓ સાથે બેઠક યોજી પગાર વધારાનો મુદ્દો ચર્ચવાની હૈયાધારણ આપતા હડતાલ સમેટાઈ જવા પામી હતી.

● કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં બીજા દિવસે સુપ્રસિધ્ધ ગાયક શાને ભારે જમાવટ કરી યુવા હૈયાઓને ઘેલા કર્યા હતા. શાનની ગાયકીની ધૂન પર બાળકો અને યુવાનોએ મન મુકીને ડાન્સ કર્યો પછી શાન સાથે હાથ મિલાવાની તક પ્રાપ્ત કરી હતી.

● ગાંધીનગરના સર્કલો જયારે નવેસરથી વિકસાવાયા ત્યારે ખૂબ સોહામણા લાગતા હતા. જોકે થોડા જ સમયમાં આ સર્કલો તેમની ખૂબસૂરતી ગુમાવી બેઠાં છે અને તેને સુંદર રાખવાની જવાબદારી જેમના શિરે છે તે અધિકારીઓ પણ દુર્લક્ષ સેવી રહ્યા હોવાનું ભાસી રહ્યું છે.

● ચિલોડાથી નરોડા તરફના હાઈવે પર પ્રાંતિયા પાસે ટ્રક અને પેસેન્જર જીપ વચ્ચે થયેલા અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૪ મુસાફરોને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લવાયા હતા. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈનું મૃત્યુ નથી થયું પરંતુ આ માર્ગને સત્વરે 'ફોરલેન' કરવાની તાતી જરૂર છે.

● મુખ્યમંત્રી આનંદીબેન પટેલ બે દિવસ માટે ઉજ્જૈન ખાતે સિંહસ્થ કુંભમેળામાં દર્શનાર્થે જઈ રહ્યા છે. આ દરમિયાન તેઓ ક્ષીપ્રા નદીમાં પવિત્ર ડૂબકી પણ લગાવશે.

ગાંધીનગર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા નિવૃત્ત તલાટીઓનું સન્માન

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળ કારોબારી સમિતિની બેઠક અને નિવૃત્ત તલાટીઓનો સન્માન સમારોહ દહેગામ તાલુકાના સાંપા મુકામે યોજાયો હતો.

ગાંધીનગર જિલ્લાના તલાટી મંડળના હોદ્દેદારોની બેઠક સંબોધતા મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રસિંહ પી. વિહોલે જણાવ્યું હતું કે વર્ષો સુધી તલાટી કમ મંત્રી તરીકે વિવિધ ગામોમાં ફરજ અદા કરનાર નિવૃત્ત તલાટીઓનું સન્માન અવશ્ય થવું જોઈએ. તલાટી દ્વારા ગ્રામ્યકક્ષાએ વિકાસના આયોજનમાં તલાટીની ભૂમિકા મહત્વની હોય છે. તલાટી મંડળની સંગઠન શકિત દ્વારા પંચાયત, મહેસુલી અને વહીવટી પ્રશ્નોનું નિરાકરણ ઝડપથી આવે છે.

ગાંધીનગર જિલ્લાના ૧૨ જેટલા નિવૃત્ત તલાટીઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના તલાટીઓના વિવિધ પ્રશ્નો, સર્કલ ઈન્સ્પેકટરની ખાલી જગ્યાઓ બઢતીથી ઝડપભેર ભરાય તે ઉપરાંત વાહનભથ્થા સહિતના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

તલાટી મંડળના મહામંત્રી શ્રી બી.એમ. રબારીએ સ્વાગત પ્રવચનમાં ગાંધીનગર જિલ્લા તલાટી મંડળની કાર્ય પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી આગામી સમયમાં ગાંધીનગર જિલ્લા તલાટી મંડળના પરિચય ગ્રંથના સંપાદન અંગે સહયોગ આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે સાંપા ગામના સરપંચ શ્રી મણીભાઈ પટેલે જિલ્લા તલાટી સંઘના ઉપપ્રમુખ શ્રી એચ.એમ. સૈયદની શ્રેષ્ઠ સેવાઓ બદલ સન્માન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજય તલાટી મંડળના વિભાગીય ઉપપ્રમુખશ્રી રમણભાઈ પ્રજાપતિ સહિત ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં.

નકલી પોલીસ બનીને પ્રેમી યુગલને લુંટતો શખ્સ ઝડપાયો

સુઘડ પાસે બે દિવસ અગાઉ પ્રેમી યુગલને પોલીસની ઓળખ આપી યુવક યુવતીના મોબાઈલ અને પર્સ મળી રૂ. ૬૩ હજારની મત્તા લુંટી લીધી હતી

ગાંધીનગર, તા.૧૬

અડાલજ આસપાસની ઝાડી વિસ્તારમાં વાહન પાર્ક કરીને પ્રેમાલાપ કરતા પ્રેમી યુગલોને પોલીસની ઓળખ આપી લુંટી લેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા ગુના વધી ગયા છે. તાજેતરમાં જ એલસીબીએ આવી એક ગેંગ પકડી હતી જયારે આજે અડાલજ પોલીસે આવા જ એક શખ્સને દબોચી લીધો છે. તેણે બે દિવસ પહેલા એક પ્રેમી યુગલને પોલીસની ઓળખ આપી રૂ. ૬૩ હજારની મત્તા લુંટી લીધી હતી.

ઈન્ફોસીટી ખાતેનો મુળ રહેવાસી અને હાલ અમેરીકાના ફલોરીડા ખાતે રહેતો યુવાન નૌસીલ નરેશકુમાર તાભાણી બે દિવસ અગાઉ તેની મિત્ર સાથે સુઘડ નર્મદા કેનાલ નજીક બેઠો હતો તે દરમિયાન પેશન પ્રો બાઈક લઈને એક શખ્સ આવ્યો અને પોલીસની ઓળખ આપી અહીંયા શુંખરાબ કરવા આવ્યા છે તેમ જણાવી પોલીસ સ્ટેશન આવવું પડશે તેમ કહી માર માર્યો હતો અને નૌસીલનો ગુગલ કંપનીનો ૪૭ હજારનો મોબાઈલ તેનું પાકીટ અને તેની મિત્રનું પર્સ તથા લુમીયા મોબાઈલ લુંટી તે શખ્સ ફરાર થઈ ગયો હતો કુલ રૂ. ૬૩,૧૪૧ તથા ૧૪૬ યુ.એસ. ડોલરની લુંટ અંગે અડાલજ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. અડાલજ પીએસઆઈ પી.સી. સરવૈયા તથા એએસઆઈ કાનજીભાઈ, કોન્સ્ટેબલ જયરાજસિંહ, ભરતસિંહ અને યોગેન્દ્રસિંહ ની ટીમે નકલી પોલીસ પકડવા તજવીજ શરૂ કરી હતી. દરમિયાન જયરાજસિંહની બાતમી અને મોબાઈલ સર્વેલન્સની મદદથી નકલી પોલીસને ગણતરીના કલાકોમાં પકડી પાડવામાં આવ્યો છે. મુળ રાજસ્થાનનો અને હાલ ચાંદખેડા રહેતો તેજારામ ઉર્ફે તેજપાલ મુલારામ સીરવી (ચૌધરી) ની ધરપકડ કરી લેવામાં આવી છે. લુંટમાં ગયેલા રોકડ રૂ. ૪૧૦૦ સિવાય કુલ રૂ.૫૯,૦૪૧ નો મુદ્દામાલ તથા ૧૪૬ યુ.એલ. ડોલર સહિતનો મુદ્દમાલ અડાલજ પોલીસે રીકવર કરી ગુનામાં વપરાયેલું બાઈક જપ્ત કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવાના દાતા મગનભાઈ કાકડીયા, સુધાબેન બી. ગજ્જર, ગુણવંતીબેન એ. હિંગુ, કલ્પનાબેન કે. ધોળુ અને નગરસેવક હર્ષાબા ધાધલનાં સહયોગથી અક્ષરધામ નજીક, સે-૩૦ સર્કલ નજીક તથા કુડાસણ ચાર રસ્તાથી આગળ મેડન રોડ પર મિનરલ વોટર (ઠંડા પાણીના જગ) મફત પાણી પરબ ચાલુ કરેલ છે. જે ઉનાળાના અંત સુધી ચાલુ રહેશે.

ઘરે રેડ પાડીને એલસીબીની ટીમે સટ્ટોડીયાને પકડી પાડયો

ક્રિકેટ સટ્ટાના આંકડા લખેલી ચિઠ્ઠી, કોલ રેકોર્ડીંગ વાળો મોબાઈલ સહીત ૬ હજારનો મુદ્દામાલ જપ્ત : સે-૭ના બુકી સાથે સટ્ટો રમાડતો હતો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ સટ્ટા બજાર એટકે તે માટે પ્રયત્નોમાં છે. પીએસઆઈ એસ.કે. સોલંકી તથા તેમની ટીમને બાતમી મળી હતી કે મુંબઈ ઈલેવન વિ. પંજાબ ઈલેવન વચ્ચે ચાલી રહેલી આઈ.પી.એલ. ૨૦-૨૦ ક્રિકેટ મેચ પર સત્યમ ફલેટમાં રહેતો આશીષ રમેશ અંભુવાણી સટ્ટો રમાડી રહ્યો છે.

આ બાતમીને આધારે એલસીબીની ટીમે ગઈ કાલે આશીષ અંબુવાણીના ઘરે દરોડો પાડીને તેને પકડી પાડયો હતો. ઘરમાંથી ક્રિકેટના સટ્ટાના આંકડા લખેલી ચિઠ્ઠી તથા એક સેમસંગ ટીવી અને એક મોબાઈલ મળી રૂ. ૬ હજારનો મુદ્દામાલ મળી આવ્યો હતો તેને જપ્ત કરીને આશીષની ધરપકડ કરવામાં આવી હતી. આશીષ ઓટો કોલ રેકોર્ડીંગ દ્વારા સટ્ટો રમાડતો હતો તેની સઘન પુછપરછમાં સેકટર-૭ પ્લોટ નં. ૬૬૫/૨ ખાતે રહેતા તેજભા ઉર્ફે તેજસ નાના શખ્સનું નામ ખુલ્યું છે તેની સાથે તે સટ્ટો રમાડતો હોવાનું ધ્યાને આવતા પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી સેકટર-૨૧ પોલીસ મથકમાં ગુનો દાખલ કર્યો છે.

શહેરમાં રોજ ૧૦ હજાર કિલો બરફનો વપરાશ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરમાં રોજનો દસ હજાર કિલો બરફનો વપરાશ થાય છે. ગરમીને પગલે બરફના વેચાણમાં ધરખમ વધારો થવા પામ્યો છે. શહેરમાં આવેલા બરફના ૮ જેટલા સ્થળો પરથી લારી-ગલ્લાના વેપારીઓ ખરીદી કરે છે. સામાન્ય દિવસો કરતા ઉનાળામાં બરફના વેચાણામાં બમણો વધારો નોંધાયો છે. વેપારીઓ ગરમીમાં ગ્રાહકને ચીજવસ્તુ ઠંડી મળે તે માટે બરફનો ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે ગરમીમાં ઠંડક મેળવવા નગરજનો પણ બરફની ચીજવસ્તુ આરોગીને રાહત મેળવી રહ્યા છે. ત્યારે શહેરમાં વેચાણ થતો બરફ નાગરીકો માટે ખાવા લાયક યોગ્ય છે કે નહી તે પણ તંત્ર એ જોવું રહ્યું.

ગાંધીનગર શહેરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીનો પારો દિનપ્રતિદિન વધી રહ્યો છે. નગરજનોની ચામડી બળી જાય તેવી ગરમી આકાશમાંથી વરસી રહી છે. શહેરના માર્ગો સુમસામ બની જાય છે. અતિશય ગરમીને પગલે શહેરનું જન જીવન પ્રભાવિત થવા પામ્યું છે. ગરમીથી રાહત મેળવવા નગરજનો નિતનવા નુસખા અપનાવી ગરમીથી રાહત મેળવવાના પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે શહેરમાં બરફ બનાવતી ફેકટરીઓ ધમધમી રહી છે. તેઓના વેપારમાં જાણે આગ ઝરતી તેજી આવી છે. સામાન્ય દિવસોમાં ૫૦૦૦ હજાર કિલો બરફનું વેચાણ થાય છે. ત્યારે ઉનાળાની શરુઆત થતા જ બરફના વેચાણામાં જંગી વધારો જોવા મળે છે. શહેરમાં આઈસ્ક્રીમના વેપારીઓ, પાણીના પાઉચ ઠંડા કરવા માટે, રસના કોલા વાળા, ડીશગોળાની લારીવાળા બરફનો વધુ ઉપયોગ કરતા હોય છે. ત્યારે ગામમાં હજુ પણ વિવિધ ધાર્મિક પ્રસંગે છુટક બરફનો ઉપયોગ કરવામાં આવે છે. જયારે નગરમાં પણ શહેરમાં આયોજીત સમુહ લગ્નોત્સવમાં પણ છાશ તેમજ પાણી ઠંડુ કરવા બરફનો ઉપયોગ કરવામાં આવે છે. શહેરમાં ઘ-૨, ઘ-૩, ઘ-૬, સે-૨૧, સે-૨૪ સહિતના સ્થળો પર ફેકટરીમાંથી લવાયેલા બરફનું વેચાણ કરવામાં આવે છે. ઉનાળાની ગરમીને પગલે નગરમાં વેચાતા અધધ ૧૦ હજાર કિલો બરફ શહેરના નાગરીકોના આરોગ્ય માટે યોગ્ય છે કે નહી તે પણ તંત્ર એ જોવું રહ્યું. જયારે અખાદ્ય બરફ આરોગવાથી નાગરીકોને અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

ચિરવિદાય

● સ્વ. દેવીભાઈ ઉદારામ ચેલાણી, ઉ.વ. ૯૬